શહેરમાં યોગ દિવસની ચોરે ને ચૌટે ઉજવણી

ગાંધીનગર, તા. ૨૧

આજે વિશ્વ યોગ દિવસે વહેલી સવારથી સમગ્ર ગાંધીનગર 'યોગામય' બની જવા પામ્યુ હતુ. શહેરના હાર્દસમા સેન્ટ્રલ વિસ્ટા વિસ્તારમાં સ્વર્ણિમપાર્ક ખાતે યોજાયેલ વિશ્વ યોગ દિવસની સરકારી ઉજવણીમાં શહેરની અનેક સંસ્થાઓ, સરકારી વિભાગો, પંચાયતીરાજની સંસ્થાઓ, પોલીસ તથા સુરક્ષા કર્મીઓ તેમજ વિવિધ શાળા-કોલેજના વિદ્યાર્થીઓ જોડાયાં હતા. આ ઉપરાંત શહેરમાં અનેક સ્થળે યોગ દિવસની ઉજવણીના આયોજનો કરવામાં આવ્યા હતા.

કામધેનુ યુનિવર્સિટી ખાતે વિશ્વ યોગ દિવસની ઉજવણીમાં યુનિવર્સિટી કુલપતિ ડૉ. પી.એચ. વાટલીયા સહિત કર્મચારીઓ-અધિકારીઓએ સામુહિક યોગ કર્યા હતા.

વીપીએમપી પોલિટેકનિક દ્વારા સેક્ટર-૧૫ના કેમ્પસમાં મહર્ષિ પતંજલિના 'રોજયોગ' થકી યોગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે એન્જિનીયરીંગના વિદ્યાર્થીઓને યોગ સાથે સંકળાયેલ મનોવિજ્ઞાન, ભાવવિજ્ઞાન અને પદાર્થ વિજ્ઞાનની સમજૂતિ આપવામાં આવી હતી.

ગાંધીનગરના સેક્ટર-૨૨માં શ્રી સ્વામિનારાયણ પોલીટેકનિક ખાતે આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સંસ્થાના એકેડેમિક ડાયરેક્ટર ભાવિક શાહ સહિત કોલેજના કર્મચારીઓ અને વિદ્યાર્થીઓ જોડાયા હતા.

શહેરના ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાન ખાતે ગીર ફાઉન્ડેશન દ્વારા વી-કેર ફાઉન્ડેશનના સહયોગથી વિશ્વ યોગ દિવસની ઉજવણીનું આયોજન કરાયું હતું. આ કાર્યક્રમમાં પ્રકૃતિ ઉદ્યાનના નયન રમ્ય વાતાવરણમાં અંદાજે ૧૫૦ જેટલી વ્યક્તિઓએ ભાગ લઈ યોગ કર્યા હતા.

શહેરના સેક્ટર-૬-સીમાં ડિવાઈન જુનિયર પ્રિ. સ્કૂલ ખાતે સ્કૂલના સ્થાપક ગિરા ચૌધરીની ઉપસ્થિતિમાં હર્ષીદા શુકલા તથા જીજ્ઞાસા ઉપાધ્યાયની આગેવાની હેઠળ બાળકોને યોગ, ઓમ ઉચ્ચારણ તથા લાફિંગ થેરેપી જેવી પ્રવૃત્તિઓ કરાવાઈ હતી.

ન્યુ ગાંધીનગરના કુડાસણ ખાતે સ્વામિનારાયણ ધામ ઈન્ટરનેશનલ સ્કૂલ ખાતે વિશ્વ યોગ દિવસની ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું હતુ. જેમાં શાળાના વિવિધ વિભાગો જેવા કે પ્રિ-પ્રાયમરી, પ્રાયમરી, સેકન્ડરી તથા હાઈસ્કૂલના વિદ્યાર્થીઓને મોટી સંખ્યામાં યોગાભ્યાસ કરાવાયો હતો.

ભારતીય યોગ સંસ્થાન દ્વારા સેક્ટર-૨ના ગાર્ડનમાં યોગ શિક્ષક ચન્દ્રકાન્ત રાણાના માર્ગદર્શનમાં આંતરરાષ્ટ્રીય યોગ દિવસ નિમિત્તે યોગ-પ્રાણાયામનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં સેક્ટર-વાસીઓએ મોટી સંખ્યામાં એકત્ર થઈ યોગાભ્યાસ કર્યો હતો.

ગાંધીનગરની સેવાભાવી યુવાનોની સ્વૈચ્છિક સંસ્થા હેપ્પી યુથ ક્લબ સ્વર્ણિમ પાર્ક ખાતે યોજાયેલ યોગ દિવસની ઉજવણીમાં જોડાઈ હતી. જેમાં સંસ્થાના હોદ્દેદારો તેમજ યુવા સ્વયંસેવકો યોગ-પ્રાણાયામ કર્યા હતા.

ગાંધીનગરના સેક્ટર-૨૧માં જીમખાના ખાતે પતંજલિ યોગ સમિતિ દ્વારા યોગ દિવસની ઉજવણીનું આયોજન કરાયુ હતુ. જેમાં યોગ શિક્ષક મનોજકુમારે યોગ નિદર્શનની સેવા પુરી પાડવામાં આવી હતી.

સેક્ટર-૨-સી ખાતે ચાણકય કિડ્સ સ્કૂલ ખાતે યોગ દિવસ નિમિત્તે નાના ભૂલકાંઓએ વિવિધ યોગાસનો કરીને ઉજવણી કરી હતી અને દરેક વ્યક્તિને યોગાભ્યાસ નિયમિત કરવા પ્રેરિત કર્યા હતા.

ભારતીય સર્વેક્ષણ વિભાગની ગુજરાત, દમણ અને દીવ ભૂ-સ્થાનિક આંકડા કેન્દ્ર ખાતે કર્મચારીઓને વિશ્વ યોગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં યોગ-પ્રાણાયામમાં આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે ભારતને યશ-કિર્તી અપાવનાર યુવા યોગ પ્રશિક્ષક જલ્પા કાછીઆએ ઉપસ્થિત રહી યોગ નિદર્શન કર્યુ હતુ. આ ઉજવણીમાં સર્વેક્ષણ વિભાગમાં ગુજરાત કાર્યાલયના નિર્દેશક આશિષ કૌશલે પ્રશિક્ષક જલ્પા કાછીઆને પ્રમાણપત્ર તથા સ્મૃતિ ચિહ્ન આપી સન્માન કર્યુ હતુ.

●●●

સેક્ટર-૨૩ ખાતે એમ.બી. પટેલ કન્યા પ્રાથમિક શાળા ખાતે યોગ શિક્ષિકા કવિતા સોલંકીએ ઉપસ્થિત રહી શાળાની આશરે ૧૦૦ જેટલી વિદ્યાર્થીનીઓને યોગાભ્યાસ કરાવ્યો હતો. આ પ્રસંગે યોગ શિક્ષિકાનું સ્વાગત સુપરવાઈઝર ભગવતીબેને કર્યુ હતુ અને કાર્યક્રમના સમાપને રાજેન્દ્રભાઈએ આભારવિધિ કરી હતી. કાર્યક્રમનું સંચાલન વ્યાયામ શિક્ષિકા દક્ષાબેન પટેલે કર્યુ હતુ.

●●●

કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન ફેકલ્ટી ઓફ એજ્યુકેશનની એસ.એસ. પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન અને આર.એચ.પટેલ ઈંગ્લીશ મિડીયમ બી.એડ. કોલેજના સે. ૨૩ ખાતેના કેમ્પસમાં પ્રો. વીણાબેન પટેલના માર્ગદર્શનમાં તજજ્ઞ વર્ષાબેન દવેએ કોલેજના તાલીમાર્થીઓને યોગ કરાવ્યો હતો.

●●●

અડાલજ ખાતે દેશની પ્રથમ સ્ટાર્ટઅપ યુનિવર્સિટી ખાતે યુનિવર્સિટીના પ્રેસિડેન્ટ ઋષભ જૈન, વાઈસ પ્રેસિડેન્ટ આદિ જૈન તથા ડાયરેક્ટર જનરલ ડૉ. રાગીન શાહની ઉપસ્થિતિમાં આશરે ૩૦૦ જેટલા વિદ્યાર્થીઓ સહિત યુનિવર્સિટીના ફેકલ્ટીઝ, નજીકના ગ્રામજનોને યોગ નિષ્ણાંત ડૉ. જી.જી. પંડ્યા તથા ડૉ. સફરાજ ખાનના માર્ગદર્શન હેઠળ યોગ કરવામાં આવ્યા હતા.

હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ



ગુરુજી આમાંનું એકેય આસન મને નહીં ફાવે... હલવાસન હોય તો લાવો એ ફાવશે...!!

નીતિન પટેલ સામે કોર્ટને ગેરમાર્ગે દોરવા બદલ ગુનો દાખલ

કરોડોની ચિટીંગના ગુનામાં સંડોવાયેલા નીતિને આગોતરા જામીન મેળવવા કોર્ટમાં શાયોના ગૃપના મેનેજીંગ ડિરેક્ટરની બોગસ ઓળખ આપી હતી : આરોપીની ધરપકડ

ગાંધીનગર, તા.૨૧

કરોડોની છેતરપિંડીના ગુનામાં સંડોવાયેલા ઈન્ફોસીટી ખાતે રહેતા નીતિન પટેલ નામના શખ્સ સામે વધુ એક પોલીસ ફરિયાદ કોર્ટને ગેરમાર્ગે દોરવાની દાખલ થવા પામી છે. વિશ્વાસઘાત અને છેતરપિંડીના ગુનામાં સંડોવાયેલા નીતિને આગોતરા જામીન મેળવવા માટે કોર્ટમાં પોતે સાયોના ઈન્ડસ્ટ્રિસ ગ્રુપનો મેનેજિંગ ડિરેક્ટર હોવાની ઓળખ આપી હતી. સેક્ટર-૭ પોલીસ મથકમાં આ મામલે ગુનો દાખલ થવા પામ્યો છે અને ગાંધીનગર એલસીબી એ ગુનાની તપાસ શરૂ કરી આરોપીની ધરપકડ પણ કરી લીધી છે.

ગાંધીનગર પાસેના ઈન્ફોસિટી ટાઉનશીપ ખાતે બંગલા નં.એ/૨ માં રહેતા નીતિન લલ્લુભાઈ પટેલ સામે ઈન્ફોસિટી પોલીસ સ્ટેશનમાં થોડા સમય પહેલા રૂ.૩.૬૫ કરોડની છેતરપિંડી મામલે ગુનો દાખલ થવા પામ્યો હતો. આ ગુનામાં

નીતિન પટેલે પોતે સાયોના ઈન્ડસ્ટ્રિસ લિમિટેડ તેમજ સેમરોક કેમિકલ પ્રાઈવેટ લિમિટેડ કંપનીમાં મેનેજિંગ ડિરેક્ટર હોવા અંગેના દસ્તાવેજો ગાંધીનગર સેશન્સ કોર્ટમાં રજૂ કરી તાજેતરમાં આગોતરા જામીન મેળવ્યા હતા. સાયોના ગ્રુપ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ કંપનીમાં મેનેજિંગ ડિરેક્ટર ન હોવા છતાં આ નામનું બિઝનેસ વીઝીટીંગ કાર્ડ બનાવી તેમજ સેમરોક કેમિકલ પ્રાઈવેટ લિમિટેડ કંપનીમાં જોઈન્ટ ડિરેક્ટર ન હોવા છતાં તેનો ખોટો લેટરપેડ બનાવી નીતિન પટેલે આ બોગસ દસ્તાવેજો આગોતરા જામીન મેળવવા સેશન્સ કોર્ટમાં રજૂ કર્યા હતા. ઉપરોક્ત દસ્તાવેજો બોગસ હોવાનું જાણવા મળતા તે અંગે તપાસ કરાવી પરેશભાઈ પટેલની ફરિયાદને આધારે સેક્ટર-૭ પોલીસે નીતિન પટેલ સામે કોર્ટને ગેરમાર્ગે દોરવા બદલ ગુનો દાખલ કર્યો છે. સમગ્ર ગંભીર ઘટના બાબતની તપાસ ગાંધીનગર એલસીબીને સોંપવામાં આવતા પી.એસ આઈ એમ.જે. સિંદે એ આરોપી નીતિન લલ્લુભાઈ પટેલની ધરપકડ કરી લઈ કડક કાર્યવાહી હાથ ધરી છે.

મંજુશ્રી આયુર્વેદ રિસર્ચ ઈન્સ્ટિટયૂટ દ્વારા પેથાપુરમાં રેલી યોજાઈ

ગાંધીનગર નજીક પીંપળજ ગામે આવેલી મંજુશ્રી રિસર્ચ ઈન્સ્ટિટયુટ ઓફ આયુર્વેદ વિજ્ઞાન, એન.એસ.એસ. યુનિટ ઈન્સ્ટિટયૂટના સ્વસ્થવરિતા વિભાગના સહયોગથી યોગ દિવસની ઉજવણી અને યોગ જાગૃતા માટે પેથાપુર ખાતે રેલી યોજાઈ હતી. આ કાર્યક્રમમાં મંજુશ્રી ઈન્સ્ટિટયુટના વિદ્યાર્થીઓ, શિક્ષકો અને અન્ય સંસ્થાના ૨૩૦ જેટલા નાગરિકોએ યોગમાં ભાગ લીધો હતો. ઉપરાંત યોગ જાગૃતતા માટે પેથાપુર ચાર રસ્તાથી પેથાપુર ગામના બજાર સુધી વિશાળ રેલીનું આયોજન ફલેગ બેનર સાથે કરાયું હતું. જેમાં યોગ સંદર્ભે વિવિધ માહિતી અને માર્ગદર્શન દર્શાવવામાં આવ્યા હતા. યોગ દિનને અનુલક્ષી ૨૨ થી ૨૮ જૂન ૨૦૧૮ દરમિયાન પીંપળજ સ્થિત ગોયેન્કા હોસ્પિટલમાં સારવાર શિબિર યોજાશે. જેમાં ડાયાબીટીસ, બીપી, યોગ ટ્રીટમેન્ટ સહિતની સંયુકત પીડા વગેરેની સારવાર કરવામાં આવશે. આ શિબિરનો લાભ ઈચ્છુક લાભાર્થીઓ લઈ શકશે.

વિશ્વકર્મા કોલેજની સ્ટુડન્ટ રિધ્ધિ થોરાતને ઈલેકટ્રીકલ એન્જિનીયરીંગમાં ઝળહળતી સફળતા

ગાંધીનગર, તા.૨૧

ગુજરાતની ખ્યાતનામ

સરકારી કોલેજમાં અગ્રક્રમે આવતી વિશ્વકર્મા ગવર્નમેન્ટ એન્જિનીયરીંગ કોલેજની વિદ્યાર્થીની રિધ્ધિ થોરાતે હાલમાં જ લેવાયેલી જીટીયુની ફાયનલ પરીક્ષામાં ૯૦ ટકા માર્કસ મેળવીને ઈલેકટ્રીકલ એન્જિનીયરીંગની ડિગ્રી પ્રાપ્ત કરી છે. એણે ફાયનલ વર્ષમાં મેગ્નેટીક ફિલ્ડ પર ચાલતા ઈલેકટ્રીક વાહનનો પ્રોજેકટ બનાવ્યો હતો તે કોલેજ મોડેલમાં સ્થાન પામ્યો છે. રિધ્ધિ થોરાત આગળ માસ્ટર્સ કરવા માંગે છે. રિધ્ધિ થોરાતે ઝળહળતી સફળતા મેળવીને વિશ્વકર્મા એન્જિનીયરીંગ કોલેજ-ચાંદખેડા અમદાવાદનું નામ રોશન કર્યું છે.

ઈ-ટેન્ડર ટૂંકી જાહેર નિવિદા નં.૩ સને ૨૦૧૮-૧૯
માર્ગ અને મકાન વિભાગ (વિદ્યુત)
ગુજરાત સરકાર
(ફક્ત હંગામી વિજળીકરણના કામના ઠેકેદારો માટે)

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રી વતી નીચે દર્શાવેલ કામ માટે ભાવપત્રકો નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, પાટનગર યોજના વિદ્યુત પેટા વિભાગ નં.૨૨, પાટનગર યોજના ભવન, બી-બ્લોક, ત્રીજો માળ, સેક્ટર-૧૬, ગાંધીનગર ફોન નં. ૦૭૯-૨૩૨-૫૯૫૧૬ દ્વારા વિજળીકરણને લગતા ૦૧ (એક) કામની અંદાજીત કિંમત રૂ. ૨,૯૪,૬૬૫.૪૮ છે. જેના ઓનલાઈન ભાવો ઠેકેદારો પાસેથી મંગાવવામાં આવે છે.

ટેન્ડર દસ્તાવેજોનો વેબસાઈટ http://rnb.nprocure.com ઉપર તા. ૨૧/૬/૨૦૧૮થી જોવા મળશે અને તા. ૨૬/૬/૨૦૧૮ના રોજ ૧૬.૦૦ કલાક સુધી ડાઉનલોડ / અપલોડ કરી શકાશે. વધારાની માહિતી અને ઓનલાઈન ભરવા માટે ઉપર દર્શાવેલ વેબસાઈટ જોવા વિનંતી.

માહિતી/૭૬૬/૧૮-૧૯

વર્તમાન સમયમાં લોકોએ જીવનમાં યોગ અપનાવવાની તાતી જરૂરિયાત : રાજ્યપાલશ્રી

ગાંધીનગર, તા. ૨૧

ગુજરાતના રાજ્યપાલશ્રી ઓ.પી. કોહલીએ જણાવ્યું હતું કે યોગ મન અને શરીર બન્નેને સાધવા

અને સંતુલિત રાખવાની ક્રિયા છે. બદલતી જીવનશૈલીના પરિપેક્ષ્યમાં માનસિક અને શારીરિક સ્વાસ્થ માટે લોકોએ જીવનમાં યોગનું મહત્વ સમજીને અપનાવવાની તાતી જરૂરિયાત છે. સમાજમાં યોગ પ્રત્યે વ્યાપક જાગૃતિ માટેના પ્રયાસો થવા જોઈએ એમ તેમણે જણાવ્યુ હતુ.

ચોથા વિશ્વ યોગ દિવસની ઉજવણી પ્રસંગે આજે રાજભવન અને દિવ્ય જીવન સંઘ, ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે યોગ કાર્યક્રમ આયોજિત કરવામાં આવ્યો હતો. રાજ્યપાલશ્રીએ તેમના પ્રવચનમાં જણાવ્યું હતું કે શરીરને મનની સાથે જોડવા, મનને આત્મા સાથે અને આત્માને પરમાત્મા સાથે જોડવાની યોગવિદ્યા આપણા માટે મહામુલી ભેટ છે.

તેમણે જણાવ્યુ હતુ કે યોગ વિદ્યા ભારતનું વિશ્વ માટે અનોખુ વરદાન છે. વિશ્વમાં સુખ, શાંતિ, એકતા અને ભાઈચારાને દૃઢ બનાવવા માટે એક માત્ર ઉન્નત માર્ગ યોગ સાધના છે.

રાજ્યપાલશ્રીએ દિવ્ય જીવન સંઘ, ગાંધીનગર દ્વારા યોગનો પ્રચાર-પ્રસાર કરવાના પ્રયાસોને બિરદાવ્યા હતા. અને સંસ્થાના ઉપપ્રમુખ અશ્વિન દવેનું સન્માન કર્યુ હતુ. યોગાભ્યાસ કાર્યક્રમમાં રાજભવનના અધિકારીઓ, કર્મચારીઓ અને તેમના પરિવારજનો તથા દિવ્ય જીવન સંઘના સદસ્યો જોડાયા હતા.

બ્રહ્માકુમારીઝ ગાંધીનગર ખાતે રાજયોગિની કૈલાશદીદીની અધ્યક્ષતામાં વિશ્વયોગ દિવસની ઉજવણી કરાઈ

ગાંધીનગર, તા.૨૧

પ્રજાપિતા બ્રહ્માકુમારી

ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય, સેકટર-૨૮, ગાંધીનગર દ્વારા રાજયોગિની કૈલાશદીદીની અધ્યક્ષતામાં વિશ્વયોગ દિવસની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી.

જે અંતર્ગત ગાંધીનગર સેકટર-૨૮, શિવશક્તિ ભવન ખાતે આવેલ 'પીસપાર્ક'માં સદગુરુવારના પવિત્ર દિવસની વહેલી સવારે રાજયોગના નિયમિત અભ્યાસ બાદ વિશ્વ યોગ દિવસ નિમિત્તે પરમપિતા શિવ પરમાત્માને વિશેષ ભોગ ધરાવવામાં આવેલ. તતપશ્ચયાત ભારત ભૂમિ પર સ્વર્ગિય દુનિયાની પુનઃ સ્થાપના કરવા જ્ઞાનસાગર શિવબાબાએ બ્રહ્મા મુખકમલ દ્વારા ઉચ્ચારેલ સત્ય ગીતાજ્ઞાનના મહાવાક્યો- 'મુરલી' ક્લાસનો સૌએ આનંદ લઈ ઈશ્વરીય શક્તિથી ભરપૂર થયા હતા.

ત્યારબાદ નિયત કાર્યક્રમ મુજબ આદરણીય કૈલાશ દીદી, ગાંધીનગરના કોર્પોરેટર ભગિની હર્ષાબા ધાંધલ, કેપિટલ વર્તમાન દૈનિકના તંત્રી અને કેપિટલ ઓફસેટ્સના માલિક ભ્રાતા રમેશભાઈ પટેલ, બી.કે. કુપલબેન, બી.કે.ટીનાબેન, બી.કે. પારૂલબેન, બી.કે. હિરલબેન અને બી.કે.રાનીબેનની ઉપસ્થિતિમાં યોગ ટ્રેનર ભ્રાતા દર્શનભાઈ ઠાકરે સૌને નિયત થયેલ યોગ પ્રોટોકોલ પ્રમાણે યોગાભ્યાસ કરાવ્યો હતો. જેનો ઉપસ્થિત સૌએ ખુશી ખુશીથી લાભ લીધો હતો અને આ યોગાભ્યાસ હવે પછી પણ નિરંતર કરાવવામાં આવે તેવી માંગ કરવામાં આવી હતી.

સાથે સાથે ગાંધીનગર સેકટર.૧૭ સેન્ટ્રલ વિસ્ટા ખાતે રાખવામાં આવેલ વિશ્વ યોગ દિવસના સરકારી કાર્યક્રમમાં કૈલાશદીદી સહિત મોટી સંખ્યામાં સંસ્થાના બ્રહ્માકુમાર ભાઈ બહેનો જોડાયા હતા. બ્રહ્માકુમારીઝ તરફથી સરઢવ ગામ પાસે આવેલ એચ.પી.સી.એલ. ખાતે પણ આજના દિવસે સવારે પ્રોટોકોલ પ્રમાણેનો યોગાભ્યાસનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો.